ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,
"પર્યાવરણ ભવન" સેકટર-૧૦ એ,
ગાંધીનગર

<u>સિનિયર વૈજ્ઞાનિક મદદનીશ, વર્ગ-૩ ની જાહેરાત ક્રમાંક:- ૫/૨૦૧૭-૧૮ માટે અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની કામ ચલાઉ યાદી:-</u>

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સિનિયર વૈજ્ઞાનિક મદદનીશ વર્ગ-૩ ની ભરતી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૫/૨૦૧૭-૧૮ ના સંદર્ભમાં તા.૨૭/૧૦/૧૮ ના રોજ લેખિત પરીક્ષા લેવામાં આવેલ હતી. આ લેખિત પરીક્ષાના પરીણામને આધારે નીચે દર્શાવેલ બેઠક નંબરો ધરાવતા ઉમેદવારોને અરજી ચકાસણીને પાત્ર જાહેર કરવામાં આવે છે. આ યાદી પસંદગી યાદી નથી, પરંતુ જાહેરાતમાં દર્શાવેલ જે તે કેટેગરીના આધારે ૦૩ (ત્રણ) ગણા ઉમેદવારની માત્ર અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી છે. આ યાદીમાં સમાવેશ થવાથી પસંદગી થવા માટે ઉમેદવારનો કોઇ હક્ક પ્રસ્થાપિત થતો નથી.

<u>બેઠક નંબરો:-</u>

| | | | |
|---|---|---|---|
| ૫૦૦૦૦૦૩ | ૫૦૦૦૦૫૪ | ૫૦૦૦૦૬૨ | ૫૦૦૦૧૬૧ |
| ૫૦૦૦૨૯૦ | ૫૦૦૦૨૯૩ | ૫૦૦૦૩૪૫ | ૫૦૦૦૬૦૪ |
| ૫૦૦૦૬૩૧ | ૫૦૦૦૬૪૭ | ૫૦૦૦૬૯૪ | ૫૦૦૦૮૯૮ |
| ૫૦૦૧૧૫૨ | ૫૦૦૧૨૦૪ | ૫૦૦૧૨૪૩ | ૫૦૦૧૪૦૭ |
| ૫૦૦૧૫૨૨ | ૫૦૦૧૭૮૦ | ૫૦૦૧૮૩૧ | ૫૦૦૨૩૯૦ |
| ૫૦૦૨૪૦૧ | ૫૦૦૨૬૦૮ | ૫૦૦૨૮૪૯ | ૫૦૦૨૮૯૫ |
| ૫૦૦૩૧૦૪ | ૫૦૦૩૩૪૪ | ૫૦૦૩૩૫૭ | ૫૦૦૩૩૬૬ |
| ૫૦૦૩૫૩૪ | ૫૦૦૩૫૮૫ | ૫૦૦૩૬૪૦ | |
| | | કુલ : ૩૧ (એકત્રીસ ઉમેદવારો) | |

3. દરેક કેટેગરીની જગ્યાના ૦૩ (ત્રણ) ગણા ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર માટે યોગ્ય ગણવાની વિચારણા કરવામાં આવેલ છે. આ વિચારણા સમયે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે કુલ ગુણના ૪૦ % થી ઓછા અને અનામત વર્ગના ઉમેદવાર માટે ૩૫% થી ઓછા ગુણ મેળવેલ હોય તો પસંદગી માટે વિચારણા પાત્ર થતા નથી. તે જોગવાઇ ધ્યાને લેતા બિનઅનામત વર્ગ તથા અનામત વર્ગના મેરીટ યાદી અનુસાર જે ઉમેદવારો આ લાયકી ધોરણ પ્રાપ્ત કરેલ છે. તેઓને જ આ યાદીમાં સમાવવામાં આવેલ છે.

૪. ઉપર દર્શાવેલ બેઠક નંબરો ધરાવતાં ઉમેદવારોની અરજીની ચકાસણી જાહેરાતની જોગવાઇઓ મુજબ કરવામાં આવશે અને આ ચકાસણી પુરી થયા બાદ જે ઉમેદવારો બધી જ જરૂરિયાતો સંતોષતા હશે, તેઓ પૈકીમાંથી જે તે કેટેગરીની જાહેરાતમાં દર્શાવેલ જગ્યા જેટલા ઉમેદવારોની મેરીટ યાદીના ક્રમ અનુસાર આખરી પસંદગી યાદી જાહેર કરવામાં આવશે. આ રીતે મેરીટ યાદી મુજબના જે તે કેટેગરીની સંખ્યાની મર્યાદામાં પ્રાપ્ત થયેલ ઉમેદવારને ગણતરીમાં લીધા બાદ તે પછીના ઉમેદવારોને તેઓ બધી જરૂરિયાતો સંતોષતા હશે તો પણ પસંદગી માટે પાત્ર ગણવામાં નહી આવે જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી. વધુમાં આ રીતે પસંદગી યાદીમાં જે તે કેટેગરીના છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યાર પછીના જે કોઇ ઉમેદવારના હશે તેમને વિચારણામાં લેવામાં આવશે અને સમાન ગુણ ધરાવતાં ઉમેદાવારો પૈકી જન્મ તારીખના આધારે જે ઉમેદવાર જે ઉમંરમાં મોટો હશે તેને અગ્રતાક્રમ વિચારણામાં લઇને પસંદગી યાદીમાં સમાવવામાં આવશે.

૫. સા.વ.વિ.ના તા.૨૯/૧/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંકઃ-પવસ-૧૦૯૯-મુમ-૧૩-ગ-૪ ની જોગવાઇ મુજબ અનામત વર્ગના ઉમેદાવારોએ બિનઅનામત વર્ગના ઉમેદવાર જેટલા ગુણ મેળવેલ હશે અને બિનઅનામત વર્ગના ધોરણો સંતોષતા હશે તો તેઓને બિનઅનામત વર્ગની જગ્યા સામે ગણવામાં આવશે અર્થાત વયમર્યાદામાં છુટછાટ મેળવેલ નહી હોય તો.

૬. અરજી ચકાસણીની ઉપરની કાર્યવાહી બાદ પસંદગી પામેલ ઉમેદવારોની આખરી યાદી બોર્ડની વેબ સાઈટ પર મુકવામાં આવશે.

૭. આ જગ્યાઓ માટે જાહેરાતની જોગવાઇ મુજબ ૨૦% પ્રતીક્ષા યાદી, જો ઉમેદવાર ઉપલબ્ધ બનશે તો જાહેર કરવામાં આવશે અને તેની મુદ્દત અને અમલવારી રાજય સરકારની વખતોવખતની સુચનાઓ અનુસાર રહેશે.

૮. અરજી ચકાસણીને પાત્ર જાહેર કરાયેલ ઉમેદવારોએ આ જાહેરાતના સબંધમાં ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક (અરજીપત્રકમાં ફોટાની બાજુમાં પાસપોર્ટ સાઇઝનો ફોટો લગાડીને) અને સહી સ્પષ્ટ ન હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરીને નીચેના દસ્તાવેજો, પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ નીચેના ક્રમમાં ગોઠવીને <u>તા.૧૯/૧૨/૨૦૧૮</u> સુધીમાં બોર્ડની વડી કચેરીને ઉપર દર્શાવેલ સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

૮.૧ જન્મતારીખના પુરાવા માટે એસ.એસ.સી ક્રેડીટ પ્રમાણપત્રની નકલ ( જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં)

૮.૨ નામ/અટકમાં ફેરફાર કરેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/પરીણિત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

૮.3 અનામત વર્ગ (અનુ.જાતિ, અનુ. જનજાતિ, સા.અને શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

૮.૪ સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ – ક અથવા છેલ્લી જોગવાઇ પ્રમાણેનું પરિશિષ્ટ – ૪ અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજુ કરવાનું રહેશે. અંગ્રેજીમાં Annexure – A રજુ કરેલ હશે તો તે માન્ય ગણવામાં આવશે નહી કેમ કે આ પ્રમાણપત્ર કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટેનું છે. પરીણિત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેઓની માતાપિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહી.

૮.૫ શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા.વ.વિ.ના તા.૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર

૮.૬ વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

૮.૭ સ્નાતક (બધા જ વર્ષના/ સેમેસ્ટરના ગુણપત્રક અને પદવી પ્રમાણપત્ર) જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો.

૮.૮ અનુસ્નાતક ( બધા જ વર્ષના/સેમેસ્ટરના ગુણપત્રક અને પદવી પ્રમાણપત્ર) જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો.

૮.૯ વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની એ.આઇ.યુ. દ્વારા માન્યતા આપવા અંગેના પુરાવાની નકલ.

૮.૧૦ જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો/પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૮.૧૧ ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતાં કર્મચારીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સા.વ.વિ.ના તા.૮/૧૧/૮૯ ના ઠરાવના નિયત થયેલ નમુનામા "ના વાંધા પ્રમાણપત્ર" અચૂક રજુ કરવાનું રહેશે.

૮.૧૨ ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

૮.૧૩ જાહેરાતની જોગવાઇ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

૯. ઉમેદવારોને ખાસ જણાવવામાં આવે છે કે ઉમેદવારોના અરજીપત્રક અને અસલ પ્રમાણપત્રની ચકાસણી દરમ્યાન જો કોઇપણ ઉમેદવાર આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઇ મુજબ નિમણૂંક માટે લાયકાત ધરાવતા જ નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઇપણ તબક્કે મૂળભૂતપણે રદ કરવામાં આવશે.

૧૦. ઉમેદવારની પસંદગી જાહેરાતની જોગવાઇ અને મેરીટ યાદી અનુસાર કરવામાં આવશે. આથી કોઇપણ ઉમેદવાર પસંદ થવા માટે કોઇપણ પ્રકારના પ્રલોભનમાં આવવું નહી. જો બોર્ડના નામે કોઇપણ વ્યક્તિ આ પ્રકારની કામગીરી માટે ઉમેદવારનો કોઇપણ પ્રકારે સીધો કે આડકતરો સંપર્ક કરે તો ઉમેદવારે કોઇપણ પ્રલોભનમાં આવવું નહી. જો તેમ બને તો આ બાબતની તરત જ ખાનગી રાહે સીધે-સીધુ સભ્ય સચિવશ્રીના ધ્યાને રૂબરૂમાં લાવવા પણ આથી જણાવવામાં આવે છે.

સભ્ય સચિવ
ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
ગાંધીનગર

તારીખ :- ૦૩/૧૨/૨૦૧૮
સ્થળ :- ગાંધીનગર